**DATE: 09/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# પ્રેમિકાએ સાથે રહેવાની ના પાડતાં પ્રેમીએ તેના બે વર્ષના બાળકનું અપહરણ કર્યું, ધરપકડ

**દહેજ** પોલીસ મથકે સનસનીખેજ ગુનાનો ભેદ ઉકેલ્યો: પ્રેમિકાના બે વર્ષના બાળકને લઈ પ્રેમી મહારાષ્ટ્ર નાસી છૂટ્યો હતો, બાળકને સહીસલામત છોડાવી પાગલ પ્રેમીને પાંજરે પૂર્યો



ભરૂચ: જોલવા ગામે બે દિવસ પહેલા પરપ્રાંતીય બે વર્ષના બાળકનું અપહરણ કરનાર આરોપીને દહેજ પોલીસે મહારાષ્ટ્રમાંથી ઝડપી પાડ્યો છે.

ભરૂચ જીલ્લાના જોલવા ગામે 34 વર્ષની ફરિયાદી પરિણીતા મહિલા સરીતાદેવીને કૌટુંબિક ભાભીનાં ભાઈ અનીલ ધતુરી યાદવ સંપર્કમાં આવતા બંને જણા વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. અનિલ યાદવે સરિતાદેવીને સાથે રહેવાની જીદ કરી હતી. જો કે સરિતાદેવીએ ના પાડી દેતાં 6ઠ્ઠીના રોજ અનિલ સરિતાદેવીના બે વર્ષના બાળકનું અપહરણ કરી ગયો હતો. ફરિયાદ દાખલ થતાં દહેજ પોલીસે આરોપી અનિલ યાદવને મહારાષ્ટ્રના વસઈ ખાતેથી બે વર્ષના અપહૃત બાળક સાથે આરોપી અનીલકુમાર ધતુરી યાદવ (ઉ.વ.26 હાલ રહે-નાગ બંગલા,મંડિયા રોડ,સર્કલ બસ સ્ટેન્ડ પાસે બેંગ્લોર કર્ણાટક)ની ધરપકડ કરી છે.

**DATE: 10/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે તેમની પાસેથી 38 હજારનો મુદ્દામાલ રીકવર કર્યો, બે તસ્કરો હજી ફરાર

# પાનોલી જીઆઈડીસીની કામધેનુ કંપનીમાં થયેલી ચોરીમાં બે પરપ્રાંતિયો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલીની કામધેનુ ન્યુટ્રિયન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલી 2 તસ્કરોને પોલીસે ઝડપી પાડયાં છે. તેમની પાસેથી 38 હજારનો મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો છે.

પાનોલી જીઆઈડીસીમાં આવેલી કામધેનું ન્યુટ્રિયન્ટ્સ પ્રા. લી. કંપનીમાં તસ્કરોએ ત્રાટકી 2 લાખની ચોરી કરી હતી. જેના પગલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવતાં તપાસ હાથ ધરવામાં આવી હતી. પીએસઆઈ દેસાઈ અને તેમની ટીમે કંપનીની આસપાસના વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરાના આધારે તસ્કરોનું પગેરૂ મેળવ્યું હતું. તપાસ દરમિયાન ચોરીમાં કાપોદ્રાની ગ્રીન વેલી સોસાયટીમાં રહેતાં બે શકમંદો વિશે બાતમી મળી હતી. સોસાયટીમાં દરોડો પાડી મુળ યુપીન દીપકકુર ઉર્ફે વિકીસિંગ અને વીરુઉર્ફે ભૈરવરાજપૂતને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી મોટર 6, ક્રેસિંગઅને



ફલેઝઅને સ્ક્રુ મળી 38 હજાર રૂપિયા નો મુદ્દામાલ રિકવર કર્યોહતો. તેમની ઉલટ તપાસ કરતા આ ચોરીના કારસામાં નુર આલમ મનીહારઅને રાજેશ ઉર્ફે ગજ્જુ નામના બે જણાની સંડોવણી હોઈ પોલીસે તેમને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 10/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ચોરીના હોવાની આશંકાએ તપાસ હાથ ધરાઇ

# અંકલેશ્વરમાં સેન્ટિંગના કામમાં વપરાતાં 37 જેક સાથે 3ની અટક

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે કસ્બાતીવાડ પાસે સેન્ટીંગમાં વપરાતા જેક ભરેલી રીક્ષામાં ત્રણ ઈસમોની અટકાયત કરી રૂ. 73 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ગજેન્દ્ર પટેલ પોતાની રિક્ષામાં સેન્ટીંગ કામમાં વપરાતા જેક ભરીને કસ્બાતીવાડથી ગોયા બજાર તરફ આવી રહ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી. પોલીસે રીક્ષાને અટકાવી તલાશી લેતાં તેમાંથી 37 નંગ જેક મળી આવ્યાં હતાં. આ જેક બાબતે તે યોગ્ય જવાબ આપી શકયો ન હતો. આ જેક ચોરીના હોવાની આશંકાએ કરશનની વાડીમાં રહેતાં ગજેન્દ્ર પટેલ, સુરતી ભાગોળના સુનિલ વસાવા અને હાઉસિંગ બોર્ડના રાકેશ પટેલની અટકાયત કરી છે. હાલ તો તેમની પાસેથી રીકશા સહિત 73 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. જેક કોની પાસેથી લાવવામાં આવ્યાં હતાં અને કયાં લઈને જતાં હતાં તેની તપાસ પોલીસ ચલાવી રહી છે.

**DATE: 10/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# અંકલેશ્વરના કોલસા કૌભાંડમાં વધુ એક આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા. ૯

અંકલેશ્વર ખાતેથી ભરૂચ એલસીબીએ કોલસા ચોરીના કૌભાંડનો પર્દાફાશ કરી કુલ રૂ. ૬૯ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડવાના મામલામાં વધુ એક આરોપીને પકડી પાડ્યો હતો.

## પોલીસે અગાઉ ૮ આરોપી પકડ્યા હતા

સુરતના મગદલ્લા પોર્ટ ખાતેથી ટ્રાન્સપોર્ટ મારફતે દહેજ ખાતે લઈ જવાતા ઈમ્પોર્ટેડ કોલસાની ટ્રક અંકલેશ્વર નજીક શ્યામ એન્ટરપ્રાઈઝ નામના ગોડાઉનમાં રોકી તેમાંથી કોલસાની ચોરી કરવામાં આવી રહી છે.

જેવી બાતમીના આધારે ભરૂચ એલસીબીએ ગત તારીખ-૨૩મી ઓગસ્ટના રોજ દરોડા પાડી સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. દરોડા દરમ્યાન પોલીસે ગોડાઉનમાંથી રૂ.૬.૨૧ લાખનો ૯૦ ટન કોલસો ૪ ટ્રક, કાર અને મોબાઈલ મળી રૂ.૬૯.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. મામલામાં શ્યામ એન્ટરપારાઈઝ ટ્રેડીંગમાં કરશન રંગપરા અને તેના બીજા ભાગીદારો ટ્રાન્સપોર્ટ ટ્રકમાંથી ઈમપોટેડ કોલસો કાઢી લઈ અને ગોડાઉનમાંથી કોલસા સાથે થાનની કાળી માટી અને ફલાયસ મીક્ષ કરી કોલસાની ચોરી કરતા હોવાનુ પોલીસની તપાસમાં બહાર આવ્યુ હતુ. ૫

ેલીસે અગાઉ આઠ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ મામલે વધુ એક આરોપી શૈલેશ જીવન ગઢીયાને સુરત ખાતે ઝડપી પાડ્યો હતો.

**DATE: 10/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### શહેરના સંવેદનશીલ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવ્યું

# સુરતની ઘટના બાદ ભરૂચમાં પણ તકેદારી, દરેક પંડાલ પર પોલીસ- જીઆરડી તૈનાત

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

સુરતના સૈયદપુરામાં વરિયાવી બજાર કા રાજા ગણેશ ઉત્સવમાં રાત્રીના સમયે રિક્ષામાં આવેલાં 6 મુસ્લિમ કિશોરોએ પથ્થરમારો કરવાની ઘટનાના પગલે ભારેલાં અગ્નિ જેવો માહોલ થઈ ગયો હતો. ટોળાએ રિક્ષા, બાઈક, મોપેડમાં તોડફોડ કરવા સાથે આગચંપી કરતાં સ્થિતી વણસી હતી. સુરત પોલીસે હાલમાં ચુસ્ત બંદોબસ્ત સાથે સ્થિતી પર કાબુ મેળવ્યો છે અને આરોપીઓને ઝડપી પાડ્યાં છે. ત્યારે સુરતની ઘટનાને પગલે અતિસંવેદનશીલ ગણાતાં ભરૂચમાં તેના પડઘા ન પડે તે માટે પોલીસ વિભાગ સતર્ક બન્યું છે. પોલીસ સ્ટેશનોમાં તબક્કાવાર રીતે બન્ને સમાજના લોકો સાથે શાંતિ સમિતીની બેઠકનું આયોજન કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ શહેર જિલ્લામાં ગણેશ મંડળો પર

## મંડળોની આસપાસ શી-ટીમ પણ કાર્યરત

ભરૂચ શહેરના ગણેશ મંડળો પર ખાસ પોલીસ બંદોબસ્ત રાખવા સાથે પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે .ગણેશ મંડળોના દર્શન માટે આવતી મહિલા-યુવતિઓની સુરક્ષાને લઈને પણ ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.ખાનગી ડ્રેશમાં શી-ટીમની મહિલા પોલીસકર્મીઓ દ્વારા મંડળોની આસપાસ સતત નજર રાખવામાં આવી રહી છે. » વી. યુ. ગડરીયા, પીઆઈ, એ ડિવિઝન, ભરૂચ

સુરતની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે પોલીસ વિભાગ સતર્ક બન્યું છે. દરેક મંડળ પર પોલીસ દ્વારા એક કોન્સ્ટેબલ તેમજ એક જીઆરડીને તૈનાત કરવામાં આવ્યાં છે. ઉપરાંત પીએસઆઈ તેમજ તેમની ટીમ દ્વારા તમામ મંડળો પર પેટ્રોલિંગ કરાઈ છે.

**DATE: 10/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### અંકલેશ્વરમાં ગોયાબજાર વિસ્તારમાં

# લોખંડના શંકાસ્પદ ભંગારના જથ્થા સાથે ૩ શખ્સ ઝડપાયા

**અંકલેશ્વર તા. ૯**
**અંકલેશ્વરમાં ગોયાબજાર વિસ્તારમાં પોલીસે લોખંડના શંકાસ્પદ ભંગારના જથ્થા સાથે ૩ ઈસમોની કરી અટકાયત કરી હતી.**

## કુલ રૂ.૭૩ હજારથી વધુનો પોલીસે મુદ્દામાલ જપ્ત કર્યો

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે બાતમીના આધારે ગોયા બજાર વિસ્તારના અંતરનાથ મહાદેવ મંદીર પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન બાતમી વાળી રીક્ષા આવતા પોલીસે તેને અટકાવી તેમાં તપાસ કરતા તેમાંથી લોખંડના ૩૭ નંગ જેક મળી આવતા ત્રણ ઈસમોને અટકમાં લીધા હતા.

પોલીસે રીક્ષામાંથી શંકાસ્પદ લોખંડના જેક સહીત રૂ.૭૩ હજારના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડયા હતા. અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે એક ઈસમ રીક્ષામા સેંન્ટીંગ કામમાં વપરાતા જેક કસ્બાતીવાડ તરફથી ભરી ગોયા બજાર બાજુ આવી રહ્યો છે. જેવી બાતમીના આધારે પોલીસે બજાર વિસ્તારના અંતરનાથ મહાદેવ મંદીર પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન બાતમી વાળી રીક્ષા આવતા પોલીસે તેને અટકાવી તેમાં તપાસ કરતા તેમાંથી લોખંડના ૩૭ નંગ જેક મળી આવતા પોલીસે રીક્ષામાં સવાર ત્રણ ઈસમોને જેક અંગે પુછપરછ કરતા તેઓએ સંતોષકારક જવાબ નહિ આપતા પોલીસે સુરતી ભાગોળ રોડ ઉપર આવેલ કરસનવાડી ખાતે રહેતો ગજેંદ્ર ઉર્ફે ભલ્લી દિનેશભાઈ પટેલ, સુનીલ પ્રકાશભાઈ વસાવા અને રાકેશ ઉર્ફે રાજા યશવંતભાઈ પટેલને ઝડપી પાડયો હતો. અને જેક તેમજ રીક્ષા મળી કુલ ૭૩ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

જોઈએ છે
VOLTAS Godrej

**DATE: 10/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# અંકલેશ્વરમાં શાળાના વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી



**અંકલેશ્વર ।** એ ડિવિઝન પોલીસ મથકમાં પોલીસ પાઠશાળાનો અનુભવ આદર્શ સ્કૂલના વિદ્યાર્થીઓએ કર્યો હતો. શૈક્ષણિક પ્રવાસના ભાગરૂપે અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન ખાતે વિદ્યાર્થીઓની મુલાકાત યોજી હતી. વિદ્યાર્થીઓએ પોલીસ અધિકારી તેમજ તેના વિવિધ પદ અને કામગીરીનો ચિતાર મેળવ્યો હતો. બાળ રક્ષણ માટેના કાયદા અને અન્ય કાયદાકીય માહિતી મેળવી હતી.

**DATE: 10/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

ભરૂચ એલસીબીએ વડોદરા, મુંબઇથી બે આરોપીને ઝડપી પાડ્યા : એક વોન્ટેડ

# પાલનપુર જેલમાં મિત્રતા થઈ, મુંબઈમાં એકત્ર થયાં, ભરૂચમાં આવી બે મકાનોમાં ચોરી કરી

## જે તે શહેરમાં ઉતર્યાં બાદ ગઠિયાઓ પહેલાં બાઇક ચોરતાં બાદમાં વિસ્તારમાં રેકી કરતાં હતાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ બી ડિવિઝન વિસ્તારમાં બે બંધ મકાનમાં ધોળા દિવસે થયેલી ચોરીની ઘટનામાં આખરે એલસીબીની ટીમે વડોદરા અને મુંબઇથી બે આરોપીઓને ઝડપી પડ્યાં છે. પ્રાથમિક પુછપરછમાં તેઓએ જણાવ્યું હતું કે, પાલનપુર જેલમાં એકત્ર થયાં બાદ મુંબઈમાં ભેગા થયાં હતાં. જે બાદ તેઓએ વડોદરાની આસપાસના જિલ્લામાં ચોરીનો પ્લાન બનાવ્યો હતો. જેથી તેમણે ભરૂચમાં બે બંધ મકાનોમાં ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

ભરૂચ શહેરના આઈમન પાર્ક તેમજ મરહબા પાર્ક સોસાયટીમાં ગત 4 ઓગષ્ટના રોજ દિવસના સમયે બે બંધ મકાનોમાં ચોરીની વારદાત બની હતી. જેમાં તસ્કરો કુલ 9.63 લાખની ચોરી કરી ગયાં હતાં. બન્ને બનાવો અંગે બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાતાં સ્થાનિક પોલીસ સહિત એલસીબીની ટીમે તપાસ શરૂ કરી હતી. દરમિયાનમાં બન્ને ચોરીઓમાં મુંબઈના નૌસાદ આલમ તેમજ વડોદરાના પ્રકાશ રાજપુતની સંડોવણી હોવાનું એલસીબીની ટીમના ધ્યાને આવ્યું હતું. જેના પગલે પીઆઇ મનિષ વાળાએ તેમની ટીમના પીએસઆઇ ડી. એ. તુવર સહિતનાઓની બે ટીમો બનાવી હતી. જે પૈકીની એકે મુંબઇ અને બીજીએ વડોદરાથી બન્ને આરોપીઓને ઝડપી પાડ્યાં હતાં. જોકે, યુસુફ રસીદ શેખ (રહે. કુર્લા, મુંબઈ) હાલમાં વોન્ટેડ છે.

પકડાયેલાં નૌશાદ ઉર્ફે સાગર મુસ્તાક આલમ (રહે. રાયતા ગાંવ, થાણે) તેમજ પ્રકાશ ઉર્ફે રોકી વિજય રાજપુત (રહે. વારસિયા, વડોદરા)ની પુછપરછ કરતાં તેમણે જણાવ્યું હતું કે, તેઓ બન્ને પાસામાં પાલનપુર જેલમાં સાથે હતાં ત્યારે એક બીજાના મીત્ર બન્યાં હતાં.ત્યાંથી છુટ્યાં બાદ નૌસાદ મુંબઇ તેના મિત્ર યુસુફ રશીદ શેખને મળતાં તેઓએ ચોરી કરવાનું નક્કી કર્યું હતું. તેમજ પ્રકાશને મુંબઇ બોલાવી લીધો હતો. જ્યાંથી તેઓએ ભરૂચ આવી ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસે તેમના રિમાન્ડ મેળવવાનીકવાયત હાથ ધરી છે.



### બન્ને આરોપીઓના ગુનાઈત ભૂતકાળ

ઝડપાયેલાં બન્ને આરોપીઓના ગુનાઈત ભુતકાળની વિગતો મેળવવામાં આવતાં મુંબઈના નૌશાદ ઉર્ફે સાગર મુસ્તાક આલમ વિરૂદ્ધ મુંબઇ, રાયગઢ કામોઠે, થાણે સહિતના વિસ્તારમાં 19 જેટલાં ગુના નોંધાયાં હોવાનું માલુમ પડ્યું છે. જ્યારે વડોદરાના પ્રકાશ ઉર્ફે રોકી રાજપૂત વિરૂદ્ધ વડોદરા અને આણંદ વિસ્તારમાં 26 ગુના નોંધાયાં છે.

### ટોળકી દિવસના સમયે જ ચોરી કરતી

પ્રાથમિક તપાસમાં માલુમ પડ્યું હતું હતું કે, પ્રકાશ, નૌશાદ અને યુસુફ દિવસના સમયે જ ચોરી કરતાં હતાં. તેઓ રેલવે મારફતે જે તે શહેરમાં ઉતર્યાં બાદ પહેલાં બાઈક ચોરી કરતાં હતાં. જે બાદ વિવિધ સોસાયટીઓમાં ફરી બંધ મકાનની રેકી કરી સાથે લાવેલાં સાધનથી લોક તોડી ઘરમાં પ્રવેશી ચોરીને અંજામ આપતાં હતાં.

### પ્રકાશ ભરૂચના વિસ્તારથી પરીચિત હતો

મુંબઈમાં ત્રણેય ગઠિયાઓએ ભેગા થતાં વડોદરાની આસપાસના જિલ્લામાં ચોરી કરવાનું નક્કી કર્યું હતું. દરમિયાનમાં પ્રકાશે જણાવ્યું હતું કે, તેના સંબંધી ભરૂચમાં રહેતાં હોઈ ત્યાંના વિસ્તારથી તેઓ વાકેફ છે. જેના પગલે તેઓ ટ્રેનમાં વડોરદા જતી વખતે ભરૂચ ઉતરી ગયાં હતાં.

**DATE: 11/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# ભરૂચ SOGએ ચોરીના ગુનામાં 5 વર્ષથી ફરાર સુરત રહેતા આરોપીને ઝડપી પાડ્યો

ભરૂચ: ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે ભરૂચ એ ડિવિઝન પોલીસમથકના ચોરીના ગુનામાં છેલ્લાં 5 વર્ષથી ફરાર આરોપી શાહરૂખ ઉર્ફે અબ્દુલ ઉર્ફે કાળિયો રહીમખાન મોહસીનખાન પઠાણ (રહે., બ્લોક-સી/84, ઘર નં-10, ભેસ્તાન આવાસ, સુરત)ની ધરપકડ કરવામાં આવી હતી. તેમની સામે પાંચ વર્ષ પહેલાં ચોરીનો ગુનો ભરૂચ એ ડિવિઝન પોલીસમાં નોંધ્યો હતો. ત્યારથી વોન્ટેડ હોવાથી ભરૂચ SOGએ આરોપીને ઝડપી પાડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય એ છે કે, આ રીઢા આરોપી વિરુદ્ધ અગાઉ સુરતમાં લૂંટ અને ચોરીના ગુના નોંધાઇ ચૂક્યા છે.

**DATE: 11/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**



### સ્થાનિક યુવાનોએ જ રાત્રિના સમયે ખેલ પાડયો

# અંદાડામાં ટ્રાન્સફોર્મર તોડી કોપર ચોરીમાં 2 તસ્કરો ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના અંદાડા ગામની સીમમાં ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી તાંબાના વાયરો ચોરી જનારા બે તસ્કરોને પોલીસે ઝડપી પાડયાં છે. સર્વે નંબર 252માં ટ્રાન્સફોર્મર મુકવામાં આવ્યું હતું. બે દિવસ પહેલાં ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી તાબાના વાયરોની ચોરી કરી ફરાર થઇ ગયાં હતાં. વીજકંપનીના અધિકારીએ નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં ચોકક્સ બાતમી મળતાં અંદાડાની નવી વસાહતમાં રહેતાં અને મુળ મહેમદાવાદના કેતન પ્રજાપતિ અને મારૂતિનગર સોસાયટીમાં રહેતાં મુળ પહાજના સંજય ઓડની ધરપકડ કરી હતી. બંને આરોપીઓ અન્ય કોઇ ગુનામાં સંડોવાયેલા છે કે કેમ તથા ચોરીનો સામાન કોને વેચતા હતાં તેની વિગતો મેળવવા આરોપીના રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

**DATE: 11/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વાગરા પોલીસનું સાયખામાં સર્ચ ઓપરેશન

# પરપ્રાંતિય કામદારોની નોંધણી નહીં કરાવતી કંપની સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં ભુતકાળમાં ચોરી, લૂંટ, ધાડ જેવા અનેક બનાવો બન્યાં છે. જેને લઈને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા દરેક જીઆઈડીસીઓના ઉદ્યોગોમાં કામ કરતાં પરપ્રાંતિય કામદારોની સ્થાનિક પોલીસ સ્ટેશનોમાં નોંધણી કરવા માટેનું જાહેરનામે બહાર પાડ્યું છે. દરમિયાનમાં વાગરા પોલીસની ટીમે સાયખા જીઆઈડીસી વિસ્તારમાં જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાને લઈને ખાસ ચેકિંગ હાથ ધર્યું હતું. અરસામાં વાગરા પોલીસની ટીમે સાયખાની પીએન્ડબી એન્ટરપ્રાઈઝ કંપનીમાં ચેકિંગ કર્યું હતું. ત્યાં કન્સ્ટ્રક્શનનું કામ ચાલી રહ્યું હોઈ ત્યાંના એક કામદારને બોલાવી તેની પુછપરછ કરતાં તેનું નામ કમલેશ બીલવાલ હોવાનું માલુમ પડ્યું હતું. અરસામાં ત્યાં કંપનીના માલિક બ્રિજેશ કેશરીસિંહ પઢીયાર (રહે. ખોઠીયાખાડ, બોરસદ) હાજર હોઈ તે આવતાં તેમણે કામદારોની નોંધણી કરાવી છે કે કેમ તેની પુછપરછ કરતાં તેમણે પોલીસ વેરિફીકેશન કરાવ્યું ન હોવાનું જણાવતાં ટીમે તેમને નોટિસ આપી તેમની સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બારોબાર રાજપીપળા ખાતે વેચી નાખી હતી

# અંકલેશ્વરના વેપારીની કાર પડાવી લેનારો ઠગ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં જ્યુસની દુકાનધારકની કાર બારોબાર સગેવગે કરનારા આરોપીને પોલીસે મુંબઈથી ઝડપી પાડયો છે. પ્રતિન ચોકડી ખાતે સપના જ્યુસ સેન્ટર ચલાવતા શાહિદ મુનીને ત્યાં તેમની દુકાન બાજુ આવેલ પ્રાઈમ હોટેલ ખાતે રહેતો મુળ જલાલપોરનો હરસુખ સાવલિયા આવતો હોવાથી બંને વચ્ચે મિત્રતા કેળવાઈ હતી. તેણે પોતે ટ્રસ્ટ ચલાવતો હોવાનું જણાવી દુકાનદારની કાર અવારનવાર ગાંધીનગર લઈ જવા માટે ઉપયોગ પણ કરતો હતો. થોડા સમય બાદ તેણે દુકાનદાર પાસેથી તેની ગાડી લઈ લીધી હતી અને હપ્તા ભરી દેશે તેવી ખાતરી આપી હતી. બાદમાં કાર લઈને હરસુખ ગાયબ થઈ જતાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આરોપીએ કાર રાજપીપળામાં વેચી મારી હોવાની વિગતો સામે આવી હતી. આરોપીને મુંબઈ ખાતેથી ઝડપી પાડયો છે. આરોપી સામે અમદાવાદ સેટેલાઈટ અને શહેર કોટડા ખાતે પણ છેતરપિંડીના ગુના નોંધાયા છે.

**DATE: 11/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે દવાખાનું ચલાવતાં ઝોલાછાપ તબીબને ઝડપી પાડ્યો

# અંકલેશ્વરના હરસિદ્ધિ કોમ્પ્લેક્સમાં ચાલતું રાજ ક્લિનિક બોગસ નીકળ્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં લોકોના આરોગ્ય સામે જોખમ ઉભું કરતાં બોગસ તબીબને પોલીસે ઝડપી પાડયો છે. ભરૂચ જિલ્લામાં બોગસ તબીબોનો રાફડો જોવા મળી રહ્યો છે. બી ડિવિઝન પોલીસ મથકના પોલીસ કર્મીઓ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે જુના નેશનલ હાઈવે 48 પર હરસિધ્ધિ કોમ્પ્લેક્સ ખાતે ભાડાની દુકાનમાં ચાલતાં રાજ કિલનિકમાં તપાસ હાથ ધરી



હતી. દવાખાનું ચલાવી રહેલાં તબીબની પૂછપરછ કરતાં તેની પાસે કોઈ પણ પ્રકારની ડિગ્રી કે સર્ટિફિકેટ મળી આવ્યાં ન હતાં. સુરજીત રાજકુમાર મંડલની ધરપકડ કરી તેની સામે વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરાયો છે. દવાખાનાની તપાસ દરમિયાન દવાઓનો જથ્થો મળી આવ્યો હતો. આરોપી કેટલા સમયથી દવાખાનું ચલાવી રહયો હતો અને દવાઓ કોની પાસેથી લાવતો હતો સહિતની બાબતોની તપાસ પોલીસે હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વરમાં જીઆઈડીસી આવેલી હોવાથી હજારોની સંખ્યામાં પરપ્રાંતિયો વસવાટ કરે છે ત્યારે આવા લેભાગુ ડોકટરો પણ વધી ગયાં છે.

**DATE: 11/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વરમાં ઈદે મિલાદના પર્વને અનુલક્ષી પોલીસ તંત્રની કવાયત

અંકલેશ્વર તા. ૧૦

આગામી તા. ૧૬ મી સપ્ટેમ્બરના રોજ યોજાનાર ઈદે મિલાદના પર્વ તેમજ તા. ૧૭ મી એ ગણેશ વિસર્જન પર્વ નિમિત્તે અંકલેશ્વર જીઆઈડીસી તેમજ શહેર એ ડિવિઝન પોલીસ મથકો ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કર્યુ હતુ.

## જીઆઈડીસી તેમજ સીટી પોલીસ મથકો ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

તાજેતરમાં સુરતમાં ગણેશ ઉત્સવ દરમ્યાન પથ્થરમારાની ઘટના બાદ પોલીસ એલર્ટ થઈ ગઈ છે.આગામી તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ મુસ્લિમ સમાજ દ્વારા ઈદે મિલાદના પર્વની ઉજવણી કરશે.અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક ખાતે પી.આઈ.ની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠકનું આયોજન કર્યુ હતુ.ઈદે મિલાદના પર્વ નિમિત્તે ભવ્ય ઝુલુસ કાઢશે.

કોમી એખલાસ ભર્યા વાતાવરણમાં આ તહેવાર ઉજવાય તે માટે પોલીસ દ્વારા શાંતિ સમિતિના સભ્યોને અપીલ કરી હતી.અંકલેશ્વરમાં દઢાલ, સારંગપુર તેમજ જીઆઈડીસીના વિવિધ વિસ્તારોમાંથી ઝુલુસ પસાર થશે.આ દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાશે. અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકે પણ શાંતિ સમિતિની બેઠક બોલાવી હતી.જેમાં બંને કોમના આગેવાનો, ગણેશ મંડળોના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.નવનિયુક્ત પી. આઈ.એ આગામી બંને પવી શાંતિ એકતા અને ભાઈચારાના માહોલમાં સંપન્ન થાય તે માટે અપીલ કરી હતી.

**DATE: 12/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચમાં કોમી છમકલાં બાદ પોલીસ સતર્ક

# અંકલેશ્વરના 5 પોલીસ સ્ટેશનની હદમાં ફ્લેગમાર્ચ યોજવામાં આવી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગણેશ ઉત્સવ અને ઈદેમિલાદ તહેવારના અનુસંધાને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને શાંતિપૂર્ણ માહોલમાં તહેવાર ઉજવાઈ તે માડીવાયએસપી ડૉ. કુશલ ઓઝા ની અધ્યક્ષતા હેઠળ ફ્લેગમાર્ચ અને રૂટ માર્ચ નું આયોજન કરવામાં આવ્યું હતું. એ ડિવિઝન અને બી ડિવિઝન, જીઆઈડીસી, રૂરલ અને પાનોલી પોલીસ મથકના પોલીસ અધિકારીઓ અને જવાનોએ શહેરના વિવિધ વિસ્તાર ફ્લેગ માર્ચ અને રૂટ.માર્ચ યોજી હતી.કાયદો . વ્યવસ્થા અને શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે માટે લોકોને અપીલ કરી હતી. સોશિયલ મિડિયામાં ધાર્મિક લાગણી દુભાઈ તેવી પોસ્ટ કે વિડીયો નહિ મુકવા અપીલ કરવામાં આવી છે. સુરતમાં પંડાલ પર પથ્થરમારો અને ભરૂચમાં કોમી છમકલા બાદ પોલીસ વધુ સતર્ક બની છે. વિવિધ પોલીસ સ્ટેશનોમાં શાંતિ સમિતિની બેઠક યોજીને ધાર્મિક લાગણી ન દુભાઈ તે જોવા માટે આગેવાનોને તાકીદ કરાઈ રહી છે.

**DATE: 13/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# અંક્લેશ્વરમાંથી બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યુઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીએ અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપરથી અંદાડા ગામ તરફ જવાના કટ પાસે વિદેશી દારૂનો જથ્થો લઈ એક ઈસમ ઉભેલ છે.તેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની 70 નંગ બોટલ અને ફોન મળી કુલ 19 હજારથી વધુના મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને અંદાડા ગામના ઈન્દિરા આવાસ માં રહેતાં મહેબૂબ ખાન મહેમુદ ખાનને ઝડપી પાડ્યો હતો.

**DATE: 13/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-00**

# સુવા ગામે જુગાર રમતા છ ઝડપાયા

ભરૂચ: દહેજ પોલીસને પેટ્રોલિંગ વેળા સુવા ગામે નવી નગરી પાસે ખુલ્લા વાડામાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. પોલીસે સ્થળ પરથી ફતેસંગ શિવા ગોહિલ (ઉં.વ.52), મહેશ રયજી ગોહિલ (ઉં.વ.48), વનરાજસિંહ દોલતસિંહ પરમાર (ઉં.વ.32), જયેશ રયજી સોલંકી (ઉં.વ.42), શોકત વલી દિવાન (ઉં.વ.50) અને સુરેશ નરસંગભાઈ ગોહિલ (ઉ.વ.35)ને ઝડપી દાવના રૂ.5,750, અંગજડતીના રોકડા રૂ.20,900 મળી કુલ રૂ.26,650નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બાબતે દહેજ પોલીસમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાયો હતો.

**DATE: 13/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### નો ડ્રગ્સ કેમ્પેઇન અંતર્ગત જે.પી.કોલેજમાં સેમિનાર

# યુવાનો ડ્રગ્સ માફિયાઓનો ઝડપથી શિકાર બની રહ્યા છે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની જેપી કોલેજમાં આવેલાં સ્વામી અતુલાનંદ ઓડિટોરિયમ હોલ ખાતે નો ડ્રગ્સ ઈન ભરૂચ કેમ્પેઈન અંતર્ગત ભરૂચ એસઓજીની ટીમ દ્વારા એનડીપીએસ અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસઓજી પીઆઈ એ. એ. ચૌધરી તેમજ પીઆઈ એ. એચ. છૈયા, કલેક્ટર તુષાર સુમેરા તેમજ એસપી મયુર ચાવડાની અધ્યક્ષતામાં યોજાયેલાં કાર્યક્રમમાં હાયર સેકન્ડરી સ્કૂલના શિક્ષકો તેમજ કોલેજના પ્રોફેસરો હાજર રહ્યાં હતાં. , જિલ્લાની હાયર સેકન્ડરી સ્કૂલ તેમજ કોલેજોમાં વિદ્યાર્થીઓ તેમજ અન્ય યુવાધનને માદક દ્રવ્યના વેચાણ સાથે સંકળાયેલાં લોકો સરળતાથી ટાર્ગેટ બનાવતાં હોય છે.જેથી તેઓથી કેવી રીતે બચી શકાય તે સહિતનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ કઈ કઈ તકેદારી રાખવી માદક દ્રવ્ય વેચનાર અંગેની કોઈ માહિતી મળે તો પોલીસને કેવી રીતે વાકેફ કરી શકાય તે સહિતની તમામ માહિતી આપવામાં આવી હતી.

**DATE: 13/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# ચોરીના પાંચ ગુના હેઠળ છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ઝઘડિયા તા.૧૨

ભરૂચ પેરોલ ફ્લો સ્કવોડની ટીમે અલગઅલગ પાંચ ચોરીના ગુનાઓ હેઠળ છેલ્લા પાંચ વર્ષથી નાસતાફરતા આરોપીને મધ્યપ્રદેશના અલીરાજપુર ખાતેથી ઝડપી લીધો હતો.

## આરોપી સામે ઝઘડિયા, ઉમલ્લા અને રાજપારડી પોલીસ મથકોમાં ગુના નોંધાયા છે

ભરૂચ જિલ્લામાં ઉચ્ચ અધિકારીઓ તરફથી જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં નંધાયેલ ગુનાઓ હેઠળ નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા જિલ્લાના પોલીસ વિભાગને સૂચના આપી હતી.તેના અનુસંધાને ભરૂચ પેરોલ ફલો સ્કવોડ પીએસઆઇના માર્ગદર્શન હેઠળ પેરોલ ફલો સ્કોડની ટીમે જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા મધ્યપ્રદેશના અલીરાજપુર ખાતે જઈને તપાસ આરંભી હતી,દરમિયાન પેરોલ ફલોની ટીમને મળેલ બાતમીના આધારે ચોરીના વિવિધ ગુનાઓ હેઠળ છેલ્લા પાંચ વર્ષથી નાસતાફરતા આરોપી રાકેશભાઈ મંગલીયાભાઈ (મંગલસિંહ) જમરા (બામણીયા) રહે. ગામ દરખડ તા.કઠીવાડા જિ. અલીરાજપૂર મધ્યપ્રદેશનાને અલીરાજપુર ખાતેથી ઝડપી લીધો હતો.અને આગળની તપાસ માટે કાવી પોલીસ મથકે સોંપ્યો હતો. આરોપી ઝઘડિયા, ઉમલ્લા અને રાજપારડી પોલીસ મથકમાં નંધાયેલ ગુનાઓ હેઠળ છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો હતો.

**DATE: 13/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# આમોદમાં સાત દિવસનું આતિથ્ય માણ્યા બાદ આજે ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કરાશે

આમોદ તા.૧૨

આમોદમાં ગજાનંદ ગણપતિ દાદા સાત દિવસનું આતિથ્ય માણ્યા બાદ આજે તા.૧૩ સપ્ટેમ્બરને શુક્રવારના રોજ ૩૧ થી વધુ ગણપતિ દાદાની શોભાયાત્રા યોજાશે.જે બાબતે આમોદ પાલિકા તંત્ર દ્વારા મોટા તળાવ ખાતે તરાપા,મોટી ક્રેન,લાઈટિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## તંત્ર દ્વારા મોટા તળાવ ખાતે તરાપા, ક્રેનની વ્યવસ્થા ગોઠવી,પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો

તેમજ ગણેશ વિસર્જન રૂટ ઉપર રસ્તાનું રીકાર્પેટીંગ કરી ખાડાઓનું પુરાણ કરવામાં આવ્યું છે.નડતર રૂપ છાપરા પણ દૂર કરવામાં આવ્યાં છે.તેમજ બાવળ કટિંગ સહિત સાફ સફાઈ પણ પૂર્ણ કરી દેવામાં આવી છે.આ ઉપરાંત ગણેશજીની વિસર્જન યાત્રા અંગે વહીવટી તંત્ર પણ સજ્જ બન્યું છે.

આમોદના ગણેશ વિસર્જન યાત્રામાં કોઈ અનિચ્છનિય બનાવ ના બને માટે આમોદ પોલીસ તંત્ર દ્વારા ૧,નાયબ પોલીસ અધિક્ષક ૩,પી.આઈ.,૧૨ પી.એસ.આઇ, ૭૨ એસ.આર.પી.,૧૯૦ પોલીસ ૯૦ હોમગાર્ડ,૩૬ જી.આર.ડી.નો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

આમોદ નગરમાં આગામી ૧૩ મી સપ્ટેમ્બરના રોજ ગણેશ વિસર્જન અંગેની શોભાયાત્રા નીકળવાની હોય ગણેશજીની શોભાયાત્રામાં કોઈ અગવડ ના પડે માટે લોકોની સલામતી માટે ભરૂચ જીલ્લા અધિક કલેકટર દ્વારા જંબુસર થી ભરૂચ જતા તેમજ ભરૂચ થી જંબુસર જતા વાહનોના રૂટ ડાઈવર્ટ અંગે જાહેરનામુ બહાર પાડ્યું હતું.જેમાં બપોરે ત્રણ થી રાતના સાત વાગ્યા સુધી વાહનો માટે ડાઈવર્જન આપ્યું છે.જંબુસર થી ભરૂચ જતા વાહનોને શમા ત્રણ રસ્તાથી સરભાણ થી પાલેજ જઈ નેશનલ હાઈવે ઉપર જઈ શકશે.જ્યારે ભરૂચથી જંબુસર જતા વાહનો દયાદરા, નબીપુર, પાલેજ થઈ સરભાણ તરફ જવાનું રહેશે.

**DATE: 13/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# ભરૂચમાં તહેવારને અનુલક્ષી શાંતિ સમિતિની બેઠક યોજાઈ

ભરૂચ તા.૧૨

ભરુચ એસ.પીની અધ્યક્ષતામાં એ ડિવિઝન પોલીસ મથક ખાતે શહેર શાંતિ સમિતિની ની બેઠક મળી હતી.જેમાં હિન્દુ મુસ્લિમ સહિત તમામ ધર્મના આગેવાનો ઉપરાંત ગણેશ મહોત્સવ ના આયોજકો અને મસ્જિદ ના સંચાલકો પણ ઉપસ્થિત રહ્યા હતા .

ભરુચ ના કુકરવાડા ખાતે કોમી તંગદિલીના બનાવ બાદ આવા બનાવોનું પુનરાવર્તન ન થાય અને આગામી ઈદે મિલાદ અને ગણેશ મહોત્સવના તહેવારની શાંતિપૂર્ણ માહોલ માં ઉજવણી થાય તે માટેની ચર્ચા કરવા સાથે સૌ પોત પોતાની રીતે પણ સક્રિય થઈ તે માટે સમજાવટ સહિત ની જરૂરી કાર્યવાહી કરશે તેવો નિર્ણય પણ કરાયો હતો.જિલ્લા પોલીસ વડા દ્વારા લોક સહયોગથી તમામ ધર્મના તહેવારોની કોમી એકતા અને શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરવા અનુરોધ પણ કર્યો હતો.શાંતિ સમિતિના અગ્રણીઓ દ્વારા પણ લોકોને શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરવા અપીલ કરી હતી.ભરુચ પોલીસ દ્વારા શહેરની શાંતિ ન ડહોળાય અને કોમી એકતા ભર્યા માહોલમાં તહેવારોની ઉજવણી થાય તે માટે સરાહનીય પ્રયાસ કરી રહ્યા છે.

**DATE: 14/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# અંકલેશ્વરમાં ટેમ્પોમાંથી મોબાઈલ ચોરનાર ઝડપાયો

ભરૂચઃ તા.૮મી ઓગસ્ટે ધરમપુરના ટીસ્કરી તલાટ ગામના દોણી ફળિયામાં રહેતા આશિષ નરેન્દ્ર ભોયા અંકલેશ્વર હાઈવે ઉપર આવેલ હિલ્ટન હોટલના પાર્કિંગમાં ટેમ્પો મૂકી હોટલમાં ગયા હતા. દરમિયાન અજાણ્યા ઈસમો ટેમ્પોમાં રહેલા મોબાઈલ ફોનની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો હતો, જેમાં પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે સુરતના કામરેજના કઠોર ગામના પાદર ફળિયામાં રહેતા સુનીલ રામબદોર કનોજિયાને ઝડપી પાડ્યો હતો.

**DATE: 14/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### દહેજની કુકડો કંપનીમાં ચોરી કરી, ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલાયો

# ચોરીનો સામાન ભરી બોલેરોમાં નીકળેલા બે તસ્કરો પોલીસ સકંજામાં, 4 જણા ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકામાં આવેલાં જોલવાગામે રહેતાં દિપક અનિરૂદ્ધ પ્રસાદ કેન્ટર એન્જિનિયરીંગ કંપનીમાં સાઈટ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવે છે. તેમનું કામ હાલમાં કુકડો કેમિકલ ઈન્ડિયા કંપનીમાં ચાલે છે. ગઈકાલે તેઓ સવારે નિત્યક્રમ મુજબ નોકરીએ જતાં તેમની કંપનીના વર્કશોપની બાજુમાં આવેલાં પતરાની રૂમમાં કંપનીના મિકેનિકલ પાઈપિંગ માટે રાખવામાં આવેલાં સામાન જોવા જતાં પતરાના રૂમના પાછળના ભાગે લગાવેલાં પતરાને ખોલીને અંદરણી કુલ એક લાખથી વધુની મત્તાના અલગ અલગ સામાનની કોઈ તસ્કરો ચોરી કરી ગયાં હોવાનું માલુમ પડ્યું હતું. બનાવને પગલે તેમણે દહેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સર્વેલન્સ ટીમના કોન્સ્ટેબલ સેતાનસિંહ તેમજ જીતેશને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે, ચોરીનો સામાન ભરીને બોલેરો પિકઅપ લઈને બે શખ્સો આમોદથી દહેજ તરફ આવી રહ્યાં હતાં. જેના પગલે તેમણે પીઆઈ એચ.બી. ઝાલાને વાકેફ કરતાં તેઓએ મળી આમોદ રોડ પર પાદરિયા ચોકડી પાસે વોચ ગોઠવી હતી. અરસામાં પીકઅપ આવતાં તેમાંથી એક લાખનો ચોરી કરેલો સામાન મળી આવતાં ચોરીનો મુદ્દામાલ તેમજ બોલેરો અને બે મોબાઈલ જપ્ત કર્યાં હતાં. પ્રાથમિક પુછપરછમાં તેમના નામ અમીનખા ઉર્ફે બબુ પઠાણ (રહે. વડદલા) તેમજ રાજન મોહન રાય (રહે. દહેજ) હોવાનું માલુમ પડ્યું હતું. તેમજ તેમને ચોરીનો સામાન સંદિપ ઓસીહારસીંગ, મંનદિપ ઓહાર સિંગ ( બન્ને રહે જોલવા) તેમજ રાકેશ અને રવિ નામના શખ્સોએ આપી હોવાનું કબુલાત કરતાં તેમને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 14/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### લોકોના જીવ જોખમમાં મૂકવા બદલ એસઓજીની કાર્યવાહી

# અંકલેશ્વરમાં ₹ 22 લાખનો મિક્ષ સોલવન્ટનો જથ્થો જપ્ત કરાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર
જીઆઇડીસી

અંકલેશ્વર જીઆઈડીસીની કામધેનુ એસેટ માં મંજૂરી વગર સોલ્વન્ટનો જથ્થો ગોડાઉન રાખી સંગ્રહ કરતા ગોડાઉન સંચાલકની ધરપકડ એસ.ઓ.જી પોલીસે કરી હતી. 334 બેરલ માં 55.417 લીટર મિક્સ સોલ્વન્ટ કે જેની કિંમત 22 લાખ ઉપરાંત થાય છે તે જપ્ત કરાયું છે.

જીતાલી ખાતે આવેલ કામધેનુ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં પ્રતિજ્ઞા એન્ટરપ્રાઈઝના ગોડાઉનમાં સર્ચ કરતા તેમાં બિન અધિકૃત રીતે અત્યંત જ્વલનશીલ મિક્સ સોલ્વન્ટનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થો સંગ્રહ કરવા માટે જરૂરી મંજૂરી તેમજ જીપીસીબીની એનઓસી અંગે ગોડાઉનમાંથી મળેલા માધવરામ ઉર્ફે બબલુ તિવારીની પૂછપરછ કરતાં તેની પાસેથી કોઈ દસ્તાવેજ મળ્યાં ન હતાં. સોલવન્ટ અંત્યંત જવલનશીલ હોવાથી ફાયર સેફટી અંગેની પરવાનગી લેવી જરૂરી હતી. અન્યના જીવ જોખમમાં મુકાઈ તે રીતે સોલવન્ટ સંગ્રહિત કરાયું હોવાથી એસઓજીએ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે ગોડાઉન સંચાલક માધવરામ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.200 લીટરના 334 બેરલો જેમાં કુલ 55417 લીટર જોખમી અત્યંત જ્વલનશીલ મિક્સ સોલ્વન્ટ કિંમત રૂપિયા 22.15 લાખનો જથ્થો સીઝ કરી પોલીસે વધુ તપાસ આરંભી હતી.

**DATE: 14/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ભરૂચની રંગ ક્રિષ્ના એવન્યુ સોસાયટીમાં સાયબર ક્રાઇમ અંગે સેમિનાર



**ભરૂચ** | જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના ઉપક્રમે ઝાડેશ્વરની રંગ ક્રિષ્ના એવન્યુ સોસાયટી ખાતે સાયબર ક્રાઈમ જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાયબર ક્રાયમ પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર મ્લકેશભાઈ ગોહિલ દ્વારા ભરૂચ જિલ્લામાં બનેલ ઓનલાઈન ગેમ અને સોશિયલ મિડિયા દ્વારા થયેલ સાયબર ક્રાઈમ અને સાયબર ક્રાઈમથી બચવા શું કરવું જોઈએ એની વિસ્તૃત માહિતી આપી હતી.

**DATE: 14/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### જંબુસરમાં ૬ દિવસના આતિથ્ય બાદ વિસર્જન યાત્રા નીકળી

# માર્ગો ઉપર ગણપતિ બાપ્પા મોરીયા.. અગલેબરસતુજલ્દીઆનાનારાગુંજ્યા

## લોકોના ઘરો સહિત વિવિધ યુવક મંડળના ૭૨ શ્રીજી પ્રતિમાનું વિસર્જન

| જંબુસર |

જંબુસર ખાતે ૭ દિવસનુ મોંઘેરું આતિથ્ય માણ્યા બાદ આજે સાતમા દિવસે શ્રીજીને ભક્તોએ ભક્તિભાવપૂર્વક અશ્રુભીની આંખે વિદાય આપી હતી. નગરમાં શ્રીજી પ્રતિમાની ભવ્ય વિસર્જન શોભાયાત્રા આન, બાન, શાન સાથે ઢોલ, ત્રાંસાના તાલે પોલીસના ચાંપતા બંદોબસ્ત વચ્ચે નીકળી હતી.

સવારથી જ નગરના કેટલાક વિસ્તારમાં સ્થાપના કરાયેલ ૧૮ તથા ઘરોમાં સ્થાપના કરેલ ૫૪ મળી કુલ ૭૨ શ્રીજીની વિસર્જન યાત્રા ડીજેના તાલે નીકળી પઠાણી ભાગોળ વિસ્તારના કાળકા મંદિર પાસેના નાગેશ્વર તળાવ ખાતે પહોંચી હતી. નગરના ભાગલીવાડ તથા ભુતફળીયા વિસ્તાર ના શ્રીજીની સવારી ઢોળાવ ફળિયાના નાકે પહોંચતા મુસ્લિમ અગ્રણીઓ પાલિકા વિપક્ષ નેતા સાકીર મલેક,અનવર બાપુ, ભુરીયા



જંબુસર નગરમાં ૬ દિવસના આતિથ્ય બાદ શ્રીજી પ્રતિમાનું વિસર્જન કરાયું હતું. જેમા ૭૨ જેટલા શ્રીજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

બાપુ, આરીફ શેખ, ફિરોઝ બેન્ડવાલા, મજીદભાઈ ટોપેક્ષ વિગેરેએ શ્રીજીની સવારીનું પુષ્પહારથી અભિવાદન કર્યું હતું. શ્રીજીની સવારી ત્યાંથી કોટ દરવાજા ખાતે આવી પહોંચી હતી. ત્યારબાદ તમામ શ્રીજીની સવારીઓ કોટબારણા ખાતે આવી પહોંચી હતી, જયાંથી ક્રમ અનુસાર નિર્ધારીત માર્ગ ઉપર પ્રસ્થાન કર્યું હતું. કોટ દરવાજા ખાતે ધારાસભ્ય ડી.કે.સ્વામી, પાલિકા પ્રમુખ અમીષા બેન, તાલુકા પંચાયત પ્રમુખ નિતીન પટેલ સહિત આગેવાનોએ શ્રીજીને પુષ્પહાર અર્પણ કર્યા હતાં. સોની ચકલા, લીલોતરીબજાર, ગણેશચોક, પઠાણી ભાગોળ થઈને કાળકા માતાના મંદિર પાસે નાગેશ્વર તળાવે પહોંચી હતી. જયાં ગણપતિ બાપ્પા મોરિયા પુઢચ્યા વર્ષી લવકરયા..ના નાદ સાથે શ્રીજીને અશ્રુભીની આંખે વિદાય આપી હતી.

# અંકલેશ્વરમાંથી બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

જીતાલી ગામની સ્વીટ ડ્રીમ સોસાયટીમાં રહેતો અને મૂળ રાજસ્થાનનો બળવાનસિંહ મકાનમાં દારૂનો જથ્થો સંતાડેલો હોવાની માહિતી એલસીબીને મળી હતી. પોલીસે દરોડો પાડતાં દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી લેવાયો હતો. 21 હજારનો દારૂ અને મોબાઈલ મળી કુલ રૂપિયા 26 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી તેની વિરુદ્ધ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આરોપી કોની પાસેથી દારૂનો જથ્થો લાવ્યો હતો તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

**DATE: 15/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભાડૂઆતની નોંધણી કરાવવામાં બેદરકારો સામે જાહેરનામા ભંગનો ગુનો

# ભરૂચમાં વિસર્જન પહેલાં પોલીસનું ચેકિંગ, 10 મકાનના માલિકો સામે કાર્યવાહી કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં હાલમાં ગણેશ મહોત્સવ તેમજ ઈદ-એ-મિલાદના તહેવારને લઈને બન્ને કોમના લોકો ધાર્મિક કાર્યોમાં મગ્ન બન્યા છે. ત્યારે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ તહેવારોમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ખાસ તકેદારી પોલીસ વિભાગ દ્વારા રાખવામાં આવી રહી છે. બીજી તરફ અનેકવાર અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં લોકો ગુનાઈત પ્રવૃત્તિને અંજામ આપવા માટે મકાન દુકાન ભાડેથી રાખી વિસ્તારની સ્થિતીનો તાગ મેળવતાં હોય છે.

જેના પગલે સુરક્ષા અને સલામતી માટે એક તરફ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા દરેક મકાન-દુકાન માલિકોને તેમના ભાડૂઆતોની નોંધણી સ્થાનિક પોલીસ સ્ટેશનોમાં કરવા માટે જાહેરનામુ બહાર પાડ્યું છે. ત્યારે જાહેરનામાનું ચુસ્તપણે પાલન થાય તે માટે ભરૂચ એસઓજીની ટીમે ગણેશ વિસર્જન રૂટ પર ભાડેથી મકાનો-દુકાનો આપી હોય ત્યાં તપાસ હાથ ધરી હતી.

જે મિલકત માલિકે તેમના ભાડૂઆતની નોંધણી કરી ન હોય તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ભરૂચ એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસ સ્ટેશનની હદમાં 10 જેટલાં લોકો સામે કાર્યવાહી કરી હતી.જેમાં બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં મુસ્તુફા અબ્દુલ હુશૈન કાગદી,યુસુફખાન કારસાઝ ખાન ગાંધી, અબ્દુલ કાદીર શબ્બીભાઈ નમકવાલા, બટુલ જમાલી મન્સુર જમાલી ફિરોજા સકીલભાઈ લાકડાવાલા અને એ ડીવીઝન પોલીસ મથકમાં સમીરા મલેક મુજીબ શેખ,કાલુ ઉમરભાઈ મન્સુરી,વસીમ ઐયુબ મન્સુરી, મહંમદ શાહરુખ મહંમદ સફીક મન્સુરી અને ધર્મરાજ ટી પેરુમલ મળી કુલ 10 લોકો સામે ગુનો નોંધ્યો હતો.

**DATE: 15/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# વણખુંટા ગામ અને કોચબારા ગામેથી દારૂનો જથ્થો ઝડપાયો

નેત્રંગ તા.૧૪

નેત્રંગ પોલીસનો સ્ટાફ વિસ્તારમાં તા.૧૧ ના રોજ પ્રોહિબિશન અને જુગાર અંગે પ્રવૃત્તિઓને ડામવા વોચમાં હતો.

## એક શખ્સ ઝડપાયો, અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા

તે દરમિયાના બાતમીના આધારે વણખુંટા ગામે નિશાળ ફળિયામાં રહેતો કનૈયા ઉર્ફે કાનો પ્રતામ વસાવા રહેણાંક ઘરની પાછળ કાચા ઘરમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી છૂટક વેચાણ કરતો હતો.જેના આધારે પોલીસે દરોડો પાડી રૂ. ૩૧,૪૦૦ નો મુદ્દામાલ સાથે સંદિપ કનૈયા ઈફે કાનો પ્રતાપ વસાવા ને ઝડપી લીધો હતો.

નેત્રંગના કોચબાર ગામે નિશાળ ફળીયામાં રહેતો રાજદિપ પ્રહલાદ વસાવા નર્માદ જીલ્લા ના ડેડીયાપાડા તાલુકાના બાયડી ગામ તરફથી ગાડીમા વિદેશી દારૂનો જથ્થો ભરી નેત્રંગ તરફ આવી રહેલ છે.જે બાતમી આધારે નેત્રંગ ડેડીયાપાડા રોડ પર શણકોઈ ગામના પાટીયા પાસે વોચ ગોઠવતા બાયડી તરફ થી આવી રહેલ ઈકો ગાડીને કોર્ડન કરી ઉભી રાખવા જણાવતા ચાલક ગાડી શણકોઈ ગામ તરફ હંકારી મારતા તેનો પીછો કરતા ઝરણા કુકડાકોતર પાસે જંગલ ઝાડીમા ઈકોમા મુકેલ વિદેશી દારૂનો જથ્થો ઉતારી ઈકો લઈ ફરાર થઈ ગયો હતો.જંગલ ઝાડીમા તપાસ કરતા વિદેશી દારૂની રૂ.૯૪૦૦ નો જપ્ત કર્યો હતો.પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી (૧)કનૈયા ઉફે કાનો પ્રતાપ વસાવા રહે વણખુંટા (૨) રાજદીપ પ્રહલાદ વસાવા રહે કોચબારને વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.